મહાદેવ એપ સટ્ટાકાંડમાં સુરતમાં CBIના દરોડા

ઓમાનથી પ્રત્યાર્પિત મુખ્ય આરોપી સૌરભ ચંદ્રાકરની પૂછપરછમાં મળેલી જાણકારીના આધારે કાર્યવાહી

દેશનાં ૬ રાજ્યોમાં ૩૩ સ્થળોએ દરોડા, સટ્ટાની પેનલો ઝડપાઇ

ગાંધીનગર : મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી એપના ગેરકાયદે નેટવર્ક સામે સીબીઆઈએ દેશવ્યાપી કાર્યવાહી કરતાં ગુજરાતમાં પણ તપાસનો રેલો પહોંચ્યો છે. અમદાવાદ, વડોદરા અને સુરતમાં સટ્ટાબાજીની પેનલો ચલાવતા ઓપરેટરોને ત્યાં સીબીઆઈએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ઓમાનમાંથી પ્રત્યાર્પણ બાદ ધરપકડ કરાયેલા મહાદેવ એપના મુખ્ય પ્રમોટરોમાંના એક સૌરભ ચંદ્રાકરની પૂછપરછમાં બહાર આવેલી વિગતોના આધારે દેશનાં છ રાજ્યોમાં કુલ ૩૩ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન લાઈવ સટ્ટાબાજી અને જુગારની પેનલો મળી આવતાં તેને બંધ કરાવવામાં આવી હતી.

મ્યુલ બેન્ક એકાઉન્ટ અને હવાલા નેટવર્કની કડી મળી

સીબીઆઈની તપાસમાં બહાર આવ્યું છે કે મહાદેવ ઓનલાઇન બુકનું સંચાલન વિદેશમાં આવેલી હેડ ઓફિસ મારફતે કરવામાં આવતું હતું, જ્યારે ભારતમાં પેનલ ઓપરેટરોનું વિશાળ નેટવર્ક સક્રિય હતું. આ ઓપરેટરો ગ્રાહકોને આઈડી આપીને સટ્ટો રમાડતા હતા અને સટ્ટામાં લગાવવામાં આવતી રકમ અન્ય વ્યક્તિઓના નામે ખોલાવેલા અથવા ભાડે મેળવેલા બેંક ખાતાઓમાં જમા કરાવતા હતા. ત્યારબાદ હવાલા નેટવર્ક મારફતે નાણાં વિદેશ મોકલવામાં આવતા હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. દરોડા દરમિયાન સીબીઆઈને ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ફોન અને ગુનાહિત પ્રવૃત્તિ સાથે જોડાયેલા દસ્તાવેજો મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ સાધનો અને દસ્તાવેજોનો ઉપયોગ મ્યુલ એકાઉન્ટ્સ તથા હવાલા વ્યવહારો માટે થતો હોવાના સંકેતો મળ્યા છે. જપ્ત કરાયેલી સામગ્રીની તપાસ કરીને નાણાંના વ્યવહારો અને નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકોની ભૂમિકા ચકાસવામાં આવી રહી છે.

સૌરભ ચંદ્રાકરની પૂછપરછમાં પેનલ ઓપરેટરોની વિગતો બહાર આવી

મહાદેવ એપ કેસના મુખ્ય આરોપીઓમાંના એક સૌરભ ચંદ્રાકરનું ઓમાનમાંથી પ્રત્યાર્પણ થયા બાદ સીબીઆઈએ ૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ તેની ધરપકડ કરી હતી. રાયપુરની વિશેષ સીબીઆઇ અદાલતે તેને આઠ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યો હતો. આ દરમિયાન તેની પૂછપરછમાં પ્લેટફોર્મની કાર્યપદ્ધતિ, ભારતમાં કાર્યરત પેનલ ઓપરેટરો અને નાણાંની હેરફેરના નેટવર્ક અંગે વિગતો બહાર આવી હતી. તપાસ દરમિયાન એકત્ર કરાયેલા દસ્તાવેજી અને ડિજિટલ પુરાવાઓનો સામનો પણ તેને કરાવવામાં આવ્યો હતો. પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં ૧૨ નવેમ્બરે તેને રાયપુરની વિશેષ સીબીઆઈ અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. અદાલતે તેને ૧૯ નવેમ્બર સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો છે.

ફરાર આરોપીઓ અને જાહેર સેવકોની ભૂમિકાની તપાસ

છત્તીસગઢ સરકાર તરફથી તપાસ સીબીઆઈને સોંપાયા બાદ મહાદેવ ઓનલાઇન બુક મામલે બે FIR નોંધવામાં આવી છે. હાલ વિદેશમાં રહેલા અન્ય આરોપીઓ, સટ્ટાબાજીના નેટવર્કને મદદ કરનાર વ્યક્તિઓ અને આ સમગ્ર ગેરકાયદે કારોબારમાં સંડોવણી હોવાની આશંકા ધરાવતા જાહેર સેવકોની ભૂમિકાની તપાસ ચાલી રહી છે. ફરાર આરોપીઓના પ્રત્યાર્પણ માટે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સીબીઆઈએ જાહેર જનતાને ચેતવણી આપી છે કે ઓનલાઇન સટ્ટાબાજી અને જુગાર ગેરકાયદેસર છે. કોઈને પણ સટ્ટાબાજી માટે પોતાનું બેંક ખાતું, સિમકાર્ડ કે ઓળખના દસ્તાવેજો આપવા અથવા ભાડે આપવાથી ખાતાધારક પણ ફોજદારી કાર્યવાહીનો સામનો કરી શકે છે.

માઇક્રોસોફ્ટ આઉટેજને કારણે વૈશ્વિક અર્થતંત્રને ૯૩,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું

આ વર્ષમાં દુનિયાભરમાં ઇન્ટરનેટ સેવાઓ ઠપ્પ થવાની અનેક આગાહીઓ કરવામાં આવી રહી છે. જો ઇન્ટરનેટ આધારિત કોઈ પણ સેવા ખોરવાઇ જાય તો તેનું શું પરિણામ આવે, તેનું નાનકડું ઉદાહરણ માઇક્રોસોફ્ટ આઉટેજના રૂપમાં જોવા મળ્યું છે. માઈક્રોસોફ્ટની સેવાઓમાં મોટા ટેકનિકલ ફોલ્ટને કારણે વિશ્વભરમાં વ્યવસાયો અને સરકારી કચેરીઓના સંચાલન પર નોંધપાત્ર અસર પડી છે. આ આઉટેજ ૨૪ કલાકથી વધુ સમય સુધી ચાલ્યું, જેના કારણે કંપનીની ઈમેલ સેવા, આઉટલુક અને ઓનલાઈન મીટિંગ પ્લેટફોર્મ ટીમ્સ પર નોંધપાત્ર અસર પડી હતી. માઈક્રોસોફ્ટ ૩૬૫ સેવાઓ પણ ખોરવાઈ ગઈ હતી. આ આઉટેજને કારણે થયેલા નાણાંકીય નુકસાન અને કંપનીના રોજિંદા કામકાજની વિશ્વસનીયતા અંગે નોંધપાત્ર પ્રશ્નો ઊભા થયા છે. આ વૈશ્વિક આઉટેજને કારણે વૈશ્વિક અર્થતંત્રને આશરે ૯૩,૦૦૦ કરોડ રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ છે. માઇક્રોસોફ્ટને પોતાને પણ ૫૦ કરોડ ડોલર અથવા આશરે ૪,૭૦૦ કરોડ રૂપિયાનું સીધું નુકસાન થયું હોવાનો અંદાજ છે. માઇક્રોસોફ્ટે તેના ૬૦,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી નાખ્યા તે પછી આઉટેજ આવ્યું હોવાથી લોકો સોશ્યલ મીડિયા પર કટાક્ષ કરી રહ્યા છે કે આ આઉટેજનો ઇલાજ AI પાસે હતો નહીં.

આઉટલુક, ટીમ્સ અને માઈક્રોસોફ્ટ ૩૬૫ નું સેવા આઉટેજ લગભગ ૨૨ થી ૨૪ કલાક સુધી ચાલ્યું હતું. તેનાથી ૭૦ થી વધુ દેશોમાં આશરે ૪૩ કરોડ વપરાશકર્તાઓ અને ૩૭ લાખથી ૪૦ લાખ કંપનીઓ પ્રભાવિત થઈ હતી. આ આઉટેજનું પ્રમાણ એટલું વ્યાપક હતું કે તેના કારણે માઇક્રોસોફ્ટની કોમ્યુનિકેશન અને ઉત્પાદકતા સેવાઓ પર આધાર રાખતી કંપનીઓના કામકાજ લગભગ ઠપ્પ થઈ ગયાં હતાં. અસરગ્રસ્તોમાં સરકારી કચેરીઓ અને અસંખ્ય વ્યવસાયોનો સમાવેશ થાય છે. આ સમસ્યા ફક્ત એક દેશ અથવા ગ્રાહકોના નાના જૂથ સુધી મર્યાદિત નહોતી, પરંતુ બહુવિધ બજારોમાં ફેલાયેલી હતી. આ આઉટેજ દરમિયાન માઇક્રોસોફ્ટના શેરના ભાવો લગભગ ૨ ટકા જટલા ઘટ્યા હતા. આ આઉટેજ દર્શાવે છે કે વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી ડિજિટલ સેવામાં વિક્ષેપો વિશ્વભરના વિવિધ દેશોમાં સંસ્થાઓ પર કેવી અસર કરી શકે છે.

ટૂંકું પોઇન્ટ ■ સંજય વોરા ■

વિશ્વભરમાં ૪૩ કરોડથી વધુ લોકો Microsoft ૩૬૫ એપ્સનો ઉપયોગ કરે છે, જેમાં Outlook અને Teams જેવી સબ્સ્ક્રિપ્શન સેવાઓનો સમાવેશ થાય છે. ટ્રેકિંગ પ્લેટફોર્મના ડેટા અનુસાર, ૩૦ થી ૪૦ લાખ કંપનીઓ તેમના રોજિંદા કામકાજ માટે માઇક્રોસોફ્ટ ૩૬૫ પર આધાર રાખે છે. વિશ્વની ટોચની ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાંથી ૯૦ ટકાથી વધુ કંપનીઓ માઇક્રોસોફ્ટના AI ચેટબોટ કોપાયલટનો ઉપયોગ કરે છે. માઈક્રોસોફ્ટમાં ટેકનિકલ આઉટેજને કારણે વિશ્વભરની મોટી કંપનીઓ અને સરકારી સંસ્થાઓના કામકાજ પર અસર પડી છે.



આ આઉટેજ ગુરુવારે રાત્રે ભારતીય સમય મુજબ ૯:૪૫ વાગ્યે શરૂ થયો હતો. આઉટેજના એક કલાકમાં, તેની અસર વિશ્વના ૭૪ દેશોમાં ફેલાઈ ગઈ અને લાખો લોકોનું ડિજિટલ કાર્ય ઠપ્પ થઈ ગયું હતું. ગુરુવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ વિશ્વભરમાં આઉટલુક સંબંધિત ફરિયાદો ૧.૪૦ લાખ સુધી પહોંચી ગઈ હતી, જે સામાન્ય સ્તર કરતાં ૨,૦૦૦ ગણી વધુ હતી. હોંગકોંગમાં બેંકિંગ સેવાઓ અને ઓસ્ટ્રેલિયામાં ગુપ્તચર અને પોલીસ સેવાઓ ખોરવાઈ ગઈ છે. આ દરમિયાન, જાપાનમાં સરકારી વ્યવસ્થા અને ફિલિપાઇન્સમાં અદાલતો પ્રભાવિત થઈ હતી. ઘણી જગ્યાએ શાળાઓ અને હોસ્પિટલો બંધ કરવામાં આવી હતી. માઈક્રોસોફ્ટની ઓનલાઈન સેવાઓ લગભગ ૨૪ કલાક વિશ્વભરમાં ડાઉન હતી, જેના કારણે ઈમેલ મોકલવા, ઓનલાઈન મીટિંગ્સ યોજવા અને ક્લાઉડમાં ફાઇલો સાચવવા જેવાં કાર્યો ઠપ્પ થઈ ગયાં હતાં. ઘણાં ડોક્ટરો દર્દીઓને ઓનલાઈન સલાહ આપી શક્યાં નહોતાં. ઘણી શાળાઓમાં બાળકોના ઓનલાઈન વર્ગો ચલાવી શકાતા નહોતા. ઘણી કંપનીઓમાં માલના ઓર્ડરની પ્રક્રિયા થઈ શકી નહોતી.

ઘણાં માઈક્રોસોફ્ટ સર્વર્સ અચાનક ઓટોમેટિક હેલ્થ ચેકમાં નિષ્ફળ ગયાં હતાં અને અનુપલબ્ધ થઈ ગયાં હતાં. પરિણામે, જ્યારે ઘણાં સર્વર્સ ડાઉન થઈ ગયાં ત્યારે બધો ટ્રાફિક એવા સર્વર્સ પર નિર્દેશિત થઈ ગયો, જે હજુ પણ કાર્યરત હતાં, જેના કારણે બાકીનાં સર્વર્સ પર ભારે દબાણ આવ્યું. સર્વર્સ વચ્ચે સુરક્ષિત જોડાણો સ્થાપિત કરતી પ્રક્રિયા ઓવરલોડ થઈ ગઈ, જેના કારણે તેઓ આવનારી વિનંતીઓ પર પ્રક્રિયા કરી શકતાં ન હતાં. સમસ્યાને ઠીક કરવા માટે માઇક્રોસોફ્ટે અસરગ્રસ્ત સર્વરોને ફરીથી શરૂ કર્યાં, ટ્રાફિકને ફરીથી રૂટ કર્યો અને નેટવર્ક ગોઠવણીમાં ફેરફારોને રોલ બેક કરવાનું શરૂ કર્યું. જો કે, ટ્રાફિક વધતાં કેટલાંક સર્વરો ફરીથી પ્રતિભાવવિહીન બની ગયાં, જેના કારણે સેવાઓને પુનઃસ્થાપિત કરવામાં સમય લાગ્યો હતો.

માઈક્રોસોફ્ટનો મુખ્ય વ્યવસાય મોટે ભાગે સબ્સ્ક્રિપ્શન-આધારિત છે. તેથી, કોઈ પણ સેવા-વિક્ષેપ તાત્કાલિક આવક પર અસર કરશે નહીં. જો કે, કંપની હજુ પણ ૫૦ કરોડ ડોલર સુધીનો સીધો નાણાંકીય બોજ ઉઠાવી શકે છે. સંભવિત નુકસાનમાં સેવા સ્તરના કરારો હેઠળ ગ્રાહકોને આપવામાં આવતી સેવા ક્રેડિટ અને વળતરનો સમાવેશ થઈ શકે છે. વધુમાં, કંપની ગ્રાહક સપોર્ટ ખર્ચ અને તકનીકી સમારકામ ખર્ચમાં વધારો કરી શકે છે. જો સબ્સ્ક્રિપ્શન ચુકવણી ચાલુ રહે તો પણ આ જવાબદારીઓ કંપની પર નોંધપાત્ર અસર કરી શકે છે. માઈક્રોસોફ્ટના વાર્ષિક અને ત્રણ મહિનાના આવકના ડેટાનો ઉપયોગ કરીને, તેના દૈનિક ટર્નઓવરનો અંદાજ લગાવી શકાય છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬ ના ડેટા અનુસાર, કંપનીની કુલ વાર્ષિક આવક આશરે ૩૩૨ અબજ ડોલર હતી. આ રકમને સમગ્ર વર્ષ દરમિયાન વિભાજીત કરવાથી સરેરાશ દૈનિક આવક આશરે ૯૦ કરોડ ડોલર થાય છે, જે આશરે ૮,૫૪૬ કરોડ રૂપિયા જેટલી થાય છે. તાજેતરમાં જાહેર કરાયેલા ત્રણ મહિનાના ડેટાના આધારે, માઇક્રોસોફ્ટ કંપનીની દૈનિક સરેરાશ આવક ઘણી ઊંચી છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે માઇક્રોસોફ્ટની આવક ૯૨.૨૮ અબજ ડોલર હતી. આ ત્રણ મહિનાના પ્રદર્શનના આધારે, દૈનિક ટર્નઓવરનો અંદાજ આશરે ૧ અબજ ડોલર અથવા આશરે ૯,૪૨૯ કરોડ રૂપિયા જેટલો થાય છે.

માઈક્રોસોફ્ટ ૩૬૫ આઉટેજ પછી લોકો તેના કારણ વિશે અટકળો લગાવવા લાગ્યાં છે. સોશ્યલ મીડિયા પર વિવિધ દાવાઓ કરવામાં આવી રહ્યા છે. કેટલાંક તેને સાયબર હુમલો કહી રહ્યા છે, જ્યારે કેટલાંક કહે છે કે માઈક્રોસોફ્ટ આઉટેજ એક AI એજન્ટની બદમાશીને કારણે થયું હતું. માઇક્રોસોફ્ટ કંપનીએ આ બધા વાયરલ દાવાઓને ફગાવી દીધા છે અને સ્પષ્ટપણે કહ્યું છે કે આ આઉટેજનું કારણ સાયબર હુમલો હોવાના કોઈ સંકેત નથી. માઇક્રોસોફ્ટ આઉટેજની ભારતમાં એરલાઇન સેવાઓ પર અસર થઈ છે. સ્પાઇસજેટે દિલ્હીથી ત્રણ ફ્લાઇટ રદ કરી છે.

એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે તે માઇક્રોસોફ્ટ આઉટેજ પર નજીકથી નજર રાખી રહી છે અને તેની ફ્લાઇટ સેવાઓને કોઈ અસર થઈ નથી. એરલાઇને એમ પણ કહ્યું હતું કે તેના સંદેશાવ્યવહાર સામાન્ય રીતે કાર્યરત છે. માઈક્રોસોફ્ટના આઉટેજને ધ્યાનમાં રાખીને ઇન્ડિગો અને અકાસા એર દ્વારા પણ મુસાફરો માટે સલાહ જારી કરવામાં આવી છે, જેમાં તેમને ફ્લાઇટની માહિતી અને અપડેટ્સનું નિયમિતપણે નિરીક્ષણ કરવાની સલાહ આપવામાં આવી છે. માઈક્રોસોફ્ટે તેની સેવાઓમાં ટેકનિકલ વિક્ષેપ માટે ગ્રાહકો અને ભાગીદારોની માફી માંગી છે. કંપનીએ જણાવ્યું હતું કે તેની સેવાઓ હવે વ્યાપક રિકવરીમાંથી પસાર થઈ રહી છે. માઈક્રોસોફ્ટના જણાવ્યા અનુસાર આ સમસ્યા કોઈ પણ સાયબર હુમલા અથવા AI એજન્ટો સાથે સંબંધિત નથી. તે અગાઉના નેટવર્ક ક્ષમતા અપગ્રેડ દરમિયાન ટેકનિકલ ખામીને કારણે થઈ હતી. તાજેતરના નેટવર્ક ફેરફાર પછી આ સમસ્યા ઉભરી આવી હતી. કંપનીએ મૂળ ખામીને સુધારી છે. હાલમાં બાકીના ગ્રાહકો અને પ્રદેશોમાં સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે. માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે સેવાઓ તબક્કાવાર પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. કંપની ટૂંક સમયમાં આ ઘટના પર વિગતવાર અહેવાલ પ્રકાશિત કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

માઈક્રોસોફ્ટ ૩૬૫ આઉટેજ પછી કેટલાંક લોકો તેને સાયબર હુમલો કહી રહ્યા છે, જ્યારે કેટલાંક કહે છે કે માઈક્રોસોફ્ટ આઉટેજ એક AI એજન્ટની બદમાશીને કારણે થયું હતું

ગાંધીનગરમાં પીએમ મોદીની 'ડિનર ડિપ્લોમસી'

સીએમ ભૂપેન્દ્ર પટેલ, ડે. સીએમ હર્ષ સંઘવી સહિત સમગ્ર મંત્રીમંડળ અને પ્રદેશ ભાજપના ટોચના નેતાઓ સાથે બંધબારણે બેઠક

મંત્રીઓને પેન્ડિંગ ફાઇલો ક્લિયર કરવા તાકીદ

ગાંધીનગર : ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીના રાજકીય પડઘમ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગાંધીનગર રોકાણે રાજ્યના રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. ગુજરાતી નૂતન વર્ષના અવસરે ગાંધીનગરમાં વડાપ્રધાનની 'ડિનર ડિપ્લોમસી' માત્ર તહેવારની શુભેચ્છા મુલાકાત બની રહી નહોતી, પરંતુ સરકાર, સંગઠન અને પક્ષના જૂના જોગીઓને એક મંચ પર લાવીને આગામી ચૂંટણી પહેલાંના રાજકીય રોડમેપ અંગે મંથન કરવાની મહત્ત્વપૂર્ણ કવાયત તરીકે જોવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સમગ્ર મંત્રીમંડળ અને પ્રદેશ ભાજપના ટોચના હોદ્દેદારો સાથેની બંધબારણે બેઠકમાં સરકારની કામગીરીનો હિસાબ, મંત્રીઓના વિભાગોની પ્રગતિ, પડતર ફાઈલોનો નિકાલ, આદિવાસી વિસ્તારોમાં જનસંપર્ક અને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની તૈયારીઓ જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા. એક તરફ મંત્રીઓને વહીવટી ગતિ વધારવા અને જનતાની ફરિયાદોનો ઝડપી ઉકેલ લાવવા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી છે, તો બીજી તરફ જૂના અનુભવી નેતાઓ સાથે વડાપ્રધાનના સંવાદને ભાજપની આંતરિક એકતા અને જૂના-નવા નેતૃત્વ વચ્ચે સંકલનના રાજકીય સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે. ચૂંટણીને હજુ એક વર્ષનો સમય બાકી છે ત્યારે વડાપ્રધાનનું ગુજરાતના સરકાર અને સંગઠનના તમામ મહત્ત્વના ચહેરાઓ સાથેનું આ મંથન આગામી ચૂંટણીની પૂર્વતૈયારી અને સરકારના પ્રદર્શનને લઈને કેન્દ્રીય નેતૃત્વની સક્રિયતા દર્શાવે છે.

ગુજરાતમાં ઠંડીનો ચમકારો વડોદરા ૧૭ ડિ.સે. સાથે સૌથી ઠંડું

અમરેલીમાં ૧૭.૨, મહુવામાં ૧૭.૩ અને રાજકોટમાં ૧૮.૩ ડિ.સે. લઘુતમ તાપમાન

વહેલી સવારે અને રાત્રે ઠંડી, બપોરે ૩૫ ડિ.સે. સુધી ગરમીથી બેવડી ઋતુનો અનુભવ

૧૯ નવેમ્બર સુધી હવામાન સૂકું રહેવાની આગાહી

અમદાવાદ : ગુજરાતમાં શિયાળાની શરૂઆત સાથે ઠંડીનો ચમકારો વધવા લાગ્યો છે. રાજ્યમાં વડોદરા ૧૭.૦ ડિ.સે. લઘુતમ તાપમાન સાથે સૌથી ઠંડું શહેર નોંધાયું છે, જ્યારે અમરેલીમાં ૧૭.૨, મહુવામાં ૧૭.૩ અને કેશોદમાં ૧૮.૧ ડિ.સે. તાપમાન નોંધાતાં વહેલી સવારે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યનાં નવ જેટલાં શહેરોમાં લઘુતમ તાપમાન ૨૦ ડિ.સે.થી નીચે ઊતરી ગયું છે. હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ રાજ્યમાં ઉત્તર-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ દિશાના સૂકા પવનો ફૂંકાઈ રહ્યા છે. તેના કારણે રાત્રિ અને વહેલી સવારે ઠંડક અનુભવાય છે, જ્યારે બપોરે તડકાના કારણે મહત્તમ તાપમાન ૩૨થી ૩૫ ડિ.સે.ની આસપાસ રહેતાં બેવડી ઋતુનો માહોલ સર્જાયો છે.

રાજ્યમાં લઘુતમ તાપમાનની વાત કરીએ તો વડોદરામાં ૧૭.૦ ડિ.સે., અમરેલીમાં ૧૭.૨ ડિ.સે., મહુવામાં ૧૭.૩ ડિ.સે., રાજકોટમાં ૧૮.૩ ડિ.સે., કેશોદમાં ૧૮.૧ ડિ.સે., ડીસામાં ૧૮.૮ ડિ.સે., ગાંધીનગરમાં ૧૯.૦ ડિ.સે., કંડલા એરપોર્ટ પર ૨૦.૧ ડિ.સે. અને નલિયામાં ૨૦.૨ ડિ.સે. તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ૨૦.૦ ડિ.સે., સુરતમાં ૨૦.૦ ડિ.સે., ભાવનગરમાં ૨૦.૯ ડિ.સે., ભૂજમાં ૨૧.૪ ડિ.સે. અને કંડલા પોર્ટ પર ૨૨.૨ ડિ.સે. લઘુતમ તાપમાન રહ્યું હતું. બીજી તરફ, બપોરના મહત્તમ તાપમાનમાં ભૂજ અને સુરેન્દ્રનગરમાં ૩૫.૮ ડિ.સે., ડીસામાં ૩૫.૬ ડિ.સે., કેશોદમાં ૩૫.૫ ડિ.સે., સુરતમાં ૩૫.૮ ડિ.સે., મહુવામાં ૩૫.૦ ડિ.સે., વડોદરામાં ૩૫.૦ ડિ.સે., અમદાવાદમાં ૩૩.૫ ડિ.સે. અને ગાંધીનગરમાં ૩૩.૨ ડિ.સે. ગરમી નોંધાઈ હતી.

BUSINESS મિત્ર

ડિસેમ્બરમાં આરબીઆઇ 25 પૈસા વ્યાજદર વધારશે: એસબીઆઇ

2027માં ક્રુડ ઓઇલના ભાવ ઘટીને 70 ડોલર સુધી પહોંચી જશે: એસબીઆઇની આગાહી

નવી દિલ્હી, તા. 14: એસબીઆઈના એક અહેવાલમાં જણાવાયું છે કે, 2027માં ક્રુડ ઓઈલના ભાવ ઘટીને 70 ડોલર પ્રતિ બેરલ પહોંચી જશે. જેની પાછળના કારણમાં યુએસ-ઈરાન વચ્ચેનો તણાવ ઘટતા, મીડલ ઈસ્ટમાંથી ક્રુડ ઓઈલની નિકાસમાં નધારો અને વૈશ્વિક ક્રુડ ઓઈલ માર્કેટમાં દબાણ હળવું જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, એસબીઆઈએ કહ્યું કે, જે રીતે મોંઘવારી દર વધી રહ્યો છે, તેને જોતાં આગામી ડિસેમ્બરમાં આરબીઆઈ 50 બેસિસ પોઈન્ટનો વધારો કરવો પડશે, પણ ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડાની અપેક્ષાએ મોંઘવારી દર કાબૂમાં આવશે, પણ આરબીઆઈ 25 બેસિસ પોઈન્ટનો વધારો કરશે તેવું નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

રિપોર્ટમાં એવું જણાવાયું છે કે, એલટીએસએમની આગાહી મુજબ આગામી 10 દિવસમાં બ્રેન્ટ ક્રુડના ભાવ હળવા થઈ શકે છે અને સરેરાશ કિંમત 87 ડોલર પ્રતિ બેરલ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, એલટીએસએમ એ એક ઉંડા શિક્ષણ તકનીક છે, જેનો ઉપયોગ જુના અને વ્યવસ્થિત ડેટાના આધારે ભવિષ્યની ઘટનાઓ અથવા આંકડાઓની સચોટ આગાહી કરવા માટે થાય છે.

ફોરેક્સ બજાર	
ડોલર	93.91 રૂ.
યુરો	105.51 રૂ.
પાઉન્ડ	125.21 રૂ.
યેન	0.5933 રૂ.

રિપોર્ટમાં એ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે કે બાહ્ય વાતાવરણમાં સુધારો એ એક પરિબળ છે જેના આધારે એસબીઆઈએ આરબીઆઈના આગામી નાણાકીય નીતિના નિર્ણયનું મૂલ્યાંકન કર્યું છે. નવી સિરીઝમાં પ્રથમ વખત ભારતના કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ આધારિત ફુગાવો 6 ટકાને પાર કરી ગયો છે. તે ઓક્ટોબર 2026માં 6.09 ટકા સુધી પહોંચ્યો, જે આરબીઆઈની સપાટીને વટાવી ગયો હતો. એસબીઆઈનો અંદાજ છે કે આવતા મહિને પણ ફુગાવાનો દર 6 ટકાથી ઉપર રહેશે. તે પછી, તે ઘટવા લાગશે.

એસબીઆઈનું માનવું છે કે બાહ્ય પરિસ્થિતિઓમાં સુધારો, વિનિમય દરમાં સ્થિરતા અને મૂડી પ્રવાહમાં વધારાને કારણે રેપો રેટમાં મોટા ફેરફારની સંભાવના ઓછી થઈ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, હવે અમારું માનવું છે કે ડિસેમ્બરમાં વ્યાજ દરમાં 50 બેસિસ પોઈન્ટના મોટા વધારાને બદલે 25 બેસિસ પોઈન્ટનો વધારો થવાની સંભાવના છે. બેંકનું એમ પણ માનવું છે કે ફેબ્રુઆરીમાં રેપો રેટમાં વધુ વધારો કરવો યોગ્ય રહેશે નહીં, કારણ કે કેન્દ્રીય બજેટ આરબીઆઈની બેઠક પહેલા આવશે.

રિપોર્ટ અનુસાર, રૂપિયામાં વધઘટને કાબૂમાં લેવાના આરબીઆઈના પ્રયાસોની સકારાત્મક અસર જોવા મળી છે અને બે દિવસ પહેલા ભારતીય ચલણ 94 રૂપિયા પ્રતિ ડોલરના સ્તરથી નીચે આવી ગયું હતું. જો કે, તે પછી તે ફરીથી ઝડપી બન્યો છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 6 નવેમ્બરથી 7.65 અબજ ડોલરનું વિદેશી રોકાણ આવ્યું છે.

પેટીએમની વોલેટ સર્વિસીસને RBIની સૈધ્ધાંતિક મંજૂરી

રિઝર્વ બેન્કે કેટલીક શરતો આધીન પેટીએમ વોલેટ સર્વિસીસને સૈધ્ધાંતિક મંજુરી આપી, હજુય અંતિમ મંજુરી બાકી

મુંબઇ, તા. 14: ભારતની અગ્રણી ફિનટેક કંપની પેટીએમને વોલેટ સર્વિસ શરૂ કરવા માટે આરબીઆઇ તરફથી સૈદ્ધાંતિક મંજુરી મળી ગઈ છે. આ અહેવાલની સાથે જ પેટીએમમાં જોરદાર ખરીદી જોવા મળી હતી અને ભાવ ઉછળીને બાવન વીકની ઉંચાઇએ પહોંચી ગયો હતો. આરબીઆઇએ પેટીએમની પેરેન્ટ કંપની વન 97 કોમ્યુનિકેશનની સંપુર્ણ માલિકીની પેટીએમ પેમેન્ટસ સર્વિસીસ લિ.ને પ્રીપેઇટ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટસ જારી કરવા અને ચલાવવા માટે સૈદ્ધાંતિક મંજુરી આપી દીધી છે. તેમાં પ્રીપેઇડ વોલેટ જેવી સેવાઓ પણ સામેલ છે.

આ સંદર્ભે કંપનીએ એક્સચેન્જને માહિતી આપતા જણાવ્યું હતું કે, આરબીઆઇએ કંપનીને આ મંજુરી કેટલીક શરતો સાથે મળી છે. કંપનીએ 27 ઓગસ્ટના રોજ જારી કરાયેલા પ્રીપેઇડ પેમેન્ટસ ઇન્સ્ટ્રુમેન્ટસ અને તેમાં સમયાંતરે ફેરફારો સંબંધિત આરબીઆઇની માસ્ટર સુચનાઓનું પાલન કરવું પડશે. આરબીઆઇની મંજુરી મળતા જ પેટીએમ ઉછળ્યો હતો અને બાવન વીકની ઉંચાઇએ પહોંચી ગયો હતો. જે રૂ. 1960ના સ્તર સુધી પહોંચ્યો હતો, અને છેલ્લે રૂ. 1930.90ના સ્તરે બંધ રહ્યો હતો. જોકે, આરબીઆઇની મંજુરીથી તાત્કાલિક અસરથી વોલેટ સર્વિસ શરૂ નહીં થાય તેના માટે કંપનીએ આરબીઆઇની અંતિમ મંજુરી લેવી પડશે, ત્યારબાદ કંપની આ સેવા શરૂ કરી શકશે.

ભારતની નિકાસમાં 30 ટકાનો વધારો, વેપાર ખાધ ઘટી

જો કે, ઓક્ટોબર મહિનામાં આયાત પણ વધીને 11.097 અબજ ડોલર પર પહોંચી

નવી દિલ્હી, તા. 14: ઓક્ટોબરમાં ભારતની કુલ નિકાસ 29.9 ટકા વધીને 89.99 અબજ ડોલર થઇ હતી. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં નોંધાયેલા આ વધારામાં માલ અને સેવાઓ બંનેની નિકાસનો સમાવેશ થાય છે, જે દેશનું અત્યાર સુધીનું સૌથી વધુ માસિક નિકાસ મુલ્ય છે.

સરકારી આંકડા અનુસાર, આ સમયગાળા દરમિયાન વેપાર ખાધ પણ ઘટીને 20.09 અબજ ડોલર થઇ ગઇ છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં દેશની કુલ નિકાસ 69.27 અબજ ડોલર હતી. ઓક્ટોબર 2025માં ભારતની વેપાર ખાધ 25.15 બિલિયન ડોલર હતી.

ઓક્ટોબરમાં ભારતની આયાત વધીને 110.07 અબજ ડોલર થઇ ગઇ છે. જે ગયા વર્ષના સમાન મહિનામાં 94.42 અબજ ડોલર કરતા વધુ છે. આંકડા મુજબ માલસામાનની નિકાસ ઓક્ટોબરમાં 34.11 અબજ ડોલરથી વધીને 49.47 અબજ ડોલર થઇ ગઇ છે. સેવાઓની નિકાસ પણ વધીને USD 40.51 બિલિયન થઇ ગઇ હતી જે ઓક્ટોબર 2025માં 35.17 બિલિયન ડોલર હતી.

ઓક્ટોબરમાં મર્ચેન્ડાઇઝ નિકાસ 49.47 અબજ ડોલરની નવી ટોચ પર પહોંચી હતી. છેલ્લા પાંચ વર્ષમાં આ અત્યાર સુધીની સૌથી વધુ માસિક વૃદ્ધિ છે 45.06 ટકા, ઓક્ટોબર 2026માં કુલ નિકાસ 89.99 બિલિયન ડોલર હોવાનો અંદાજ છે. આ અત્યાર સુધીની સૌથી વધુ માસિક નિકાસ કિંમત છે. ત્યાં માસિક કોમોડિટી નિકાસ કિંમત વધારે છે.

વાણિજ્ય સચિવે જણાવ્યું હતું કે, નિકાસમાં વૃદ્ધિ કોઇ ચોક્કસ પ્રદેશ કે ભૌગોલિક વિસ્તાર પૂરતી મર્યાદિત નથી. આ વિવિધ દેશો અને પ્રદેશોમાં વ્યાપક-આધારિત વૃદ્ધિ છે. તેમણે વધુમાં માહિતી આપી હતી કે ભારતના ટોચના 50 નિકાસ સ્થળોમાંથી 43 એ સકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. ઓક્ટોબર 2025ની સરખામણીમાં ઓક્ટોબર 2026માં આ વધારો થયો છે.

ચાંદીના ભાવમાં સતત ઘટાડો, ઉચ્ચત્તમ સ્તરેથી 58 ટકા ઘટ્યો

જાન્યુઆરીમાં પ્રતિ કિલોએ રૂ. 4.29 ભાવ હતો તે હાલ રૂ. 1.78 લાખ પર પહોંચી ગયો

નવી દિલ્હી, તા. 14: ચાંદીના ભાવમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ગઇકાલે ચાંદીના ભાવ ઘટીને રૂ. 1.78 લાખ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. જે ઉચ્ચત્તમ સ્તરેથી 58 ટકા ઉછાળો નોંધાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે જાન્યુઆરીમાં કિંમત રૂ. 4.29 લાખ પ્રતિ કિલો પહોંચી હતી.

ચાલુ વર્ષે ચાંદીની કિંમતોમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. આંકડા અનુસાર 1લી જાન્યુઆરી, 2026ના રોજ ચાંદી રૂ. 2.39 લાખ પ્રતિ કિલો હતી. 29 જાન્યુઆરીના ભાવ વધીને રૂ. 4.29 લાખ પર પહોંચી ગયો હતો. આમ, જાન્યુઆરીમાં ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. ત્યારબાદ વધઘટે ચાંદીના ભાવમાં સતત ઘટાડો જોવા મળ્યો હતો. 13મી મેના રોજ ચાંદીના ભાવ રૂ. 3.05 લાખ પહોંચી ગયો હતો. જે ઘટાડો ચાલુ રહ્યો હતો, જે ઘટીને રૂ. 2.39 લાખ પ્રતિ કિલો હતો. તે જ સમયે 1લી ઓક્ટોબરે આ ભાવ વધુ ઘટીને રૂ. 2.27 લાખ થઇ ગયો હતો. નવેમ્બર મહિનામાં પણ ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. જે 12 નવેમ્બરે રૂ. 1.82 લાખ થયો હતો, જ્યારે 13 નવેમ્બરે વધુ ઘટીને રૂ. 1.78 લાખ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. આમ, ચાંદીમાં સતત ઘટાડો આગળ વધતો જોવા મળ્યો છે. ચાંદીમાં આ મોટા ઘટાડા પછી, રોકાણકારો અને ખરીદી કરનારા લોકોની નજર ચાંદીના ભાવ પર રહેશે. જો એકલા ડેટાના આધારે જોઈએ તો ચાંદીના ભાવમાં ઘટાડો રહેશે તે કહેવું યોગ્ય નથી, પણ હાલની સ્થિતિમાં ચાંદીના ભાવમાં સુધારો થવાનો પણ કોઇ આશાવાદ જોવાતો નથી.

એટી1 બોન્ડ કેસમાં યસ બેન્કે સુપ્રીમ કોર્ટમાં રીવ્યુ પિટિશન દાખલ કરી

અગાઉ 8415 કરોડ રૂપિયાના એટી1 બોન્ડ કેસમાં બોમ્બે હાઇકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટે યથાવત રાખ્યો હતો

નવી દિલ્હી, તા. 14: ગત મહિને યસ બેન્કને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો આવ્યો હતો અને રૂ. 841 કરોડના એટી1 બોન્ડ પ્રકરણમાં બોમ્બે હાઇકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટે યથાવત રાખીને યસ બેન્કના એટી1 બોન્ડને રાઇટ ઓફ કરવાના નિર્ણયને ફગાવી દીધો હતો. જો કે, આ ચુકાદાનો પુનઃ વિચાર કરવાના હેતુ સાથે યસ બેન્ક ફરી એકવાર સુપ્રીમ કોર્ટમાં રીવ્યુ પિટિશન દાખલ કરી છે.

એકસચેન્જ ફાઇલીંગમાં યસ બેન્કે કહ્યું હતું કે, બેન્કે ભારતના બંધારણની કલમ 137 હેઠળ સુપ્રીમ કોર્ટમાં પુનઃવિચાર અરજી દાખલ કરી છે. જે 15 ઓકટોબર, 2026ના ચુકાદા અને આદેશની સમીક્ષાની માગ કરે છે અને કુલ રૂ. 8415 કરોડના વધારાના ટાયર-1 બોન્ડસ સાથે સંબંધિત છે.

આ અગાઉ એકસીસ ટ્રસ્ટી સર્વિસીસ લિમિટેડે 28 ઓકટોબરે યસ બેન્કને પત્ર લખીને બોન્ડને પુનઃ સ્થાપિત કરવા અને ત્રણ દિવસની અંદર જરૂરી કોર્પોરેટ પ્રક્રિયાઓ પુર્ણ કરવાની માગ કરી હતી. જોકે, બેન્કે નક્કર પગલા ન લેતા એકસીસ બેન્કે 6 નવેમ્બરે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી, જેઓએ તિરસ્કારની અરજી દાખલ કરી હતી.

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ’’	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ’’	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	ગાર્ડન	
લોકલ		RIL રિલાયન્સ		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	વેલનોન (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

જથ્થાબંધ ખાંડબજાર — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦